# સામાયિક મૂલ્યાંકન કસોટી સંદર્ભે પંચમહાલ જિલ્લાના ઉચ્ચ પ્રાથમિક શાળાના શિક્ષકો અને મુખ્ય શિક્ષકોના અભિપ્રાયોનો અભ્યાસ.

**સંશોધક:**

**વિપુલકુમાર આર.માછી**

**માર્ગદર્શક:**

**ડૉ. (પ્રો.) જીજ્ઞેશ બી. પટેલ**

**સંશોધનના મુખ્ય તારણો:**

- મુખ્ય શિક્ષકો દ્વારા તેમની શાળાના શિક્ષકોને સામાયિક મૂલ્યાંકન કસોટી બાબતે માર્ગદર્શન આપવામાં આવે છે.
- શાળા કક્ષાએ મુખ્ય શિક્ષકો દ્વારા નિયમિત તેમના સ્ટાફ સાથે બેઠક કરવામાં આવે છે. જેમાં સામાયિક મૂલ્યાંકન કસોટી બાબતે ચર્ચા કરવામાં આવે છે.
- મોટા ભાગના મુખ્ય શિક્ષકો માને છે કે તેમની શાળામાં સામાયિક મૂલ્યાંકન કસોટીમાં લેવાનાર એકમોનો અભ્યાસક્રમ શાળાકક્ષાએ નિયત સમયમાં પૂર્ણ થઇ જાય છે.
- મોટા ભાગના મુખ્ય શિક્ષકોનું માનવું છે કે સામાયિક મૂલ્યાંકન કસોટીના પેપરની કોપી કલસ્ટર મારફત સમયસર મળી જાય છે.
- મુખ્ય શિક્ષકો દ્વારા શિક્ષકોને સામાયિક મૂલ્યાંકન કસોટીના પેપરની કોપી નિયત સમયે આપવામાં આવે છે.
- શાળા કક્ષાએ સામાયિક મૂલ્યાંકન કસોટી દરમિયાન વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા યોગ્ય રીતે કરવામાં આવે છે.
- મોટાભાગના મુખ્ય શિક્ષકોનું માનવું છે કે સામાયિક મૂલ્યાંકન કસોટી દરમિયાન તેમના દ્વારા વર્ગનું મોનીટરીંગ કરતા રહેવું જોઈએ.
- મોટાભાગના મુખ્ય શિક્ષકો દ્વારા સામાયિક મૂલ્યાંકન કસોટીની ગુણવત્તાલક્ષી ચકાસણી થાય તેનું ધ્યાન રાખવામાં આવે છે.
- મોટાભાગના મુખ્ય શિક્ષકશ્રી દ્વારા સામાયિક મૂલ્યાંકન કસોટીની ચકાસણી થઇ ગયા બાદ નમૂનારૂપ કસોટીબૂકની ચકાસણી કરી સહી કરવામાં આવે છે
- મોટાભાગના મુખ્ય શિક્ષકોનું માનવું છે કે સામાયિક મૂલ્યાંકન કસોટીની ચકાસણી થયા પછી શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓએ કરે ભૂલો પ્રત્યે તેમેને અવગત કરવામાં આવે છે.
- મોટાભાગની શાળાઓમાં સામાયિક મૂલ્યાંકન કસોટીના પરિણામની જાણ વાલીને કરવામાં આવે છે.
- મોટાભાગના મુખ્ય શિક્ષકોનું માનવું છે કે સામાયિક મૂલ્યાંકન કસોટીથી શાળાની હાજરીમાં સાર્થક તફાવત જોવા મળે છે.
- મોટાભાગના મુખ્ય શિક્ષકોનું માનવું છે કે સામાયિક મૂલ્યાંકન કસોટીની ચકાસણી કર્યા બાદ કચાસ ધરાવતી અધ્યયન નિષ્પત્તિ માટે શિક્ષકો દ્વારા ઉપચારાત્મક કાર્ય કરવામાં આવે છે.
- મોટાભાગના મુખ્ય શિક્ષકોનું માનવું છે કે તેમની શાળામાં સામાયિક મૂલ્યાંકન કસોટીમાં શિક્ષકો દ્વારા ઉપચારાત્મક કાર્ય કર્યા બાદ પુનઃકસોટી લેવામાં આવે છે.
- મોટાભાગના મુખ્ય શિક્ષકો માને છે કે સામાયિક મૂલ્યાંકન કસોટીમાં ઉપચારાત્મક કાર્ય કરી પુનઃકસોટી લેવાથી વિદ્યાર્થીઓના પરિણામમાં સાર્થક તફાવત જોવા મળે છે.